# ચ-૩ સર્કલ પર ટ્રકે પલ્ટી ખાતા દિવેલ ઉભરાયુ

**ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘરે માર્ગ પર જેસીબી કામે લગાડી માર્ગ પર રેતી પથરાવી : વાહનચાલકો અકસ્માતનો ભોગ ન બને તે માટે ટ્રાફિકનો વ્યવહાર વન વે કરી દેવાયો : ચ-૩ સર્કલ વિસ્તારને ડેવલપ કરાયા બાદ પણ અકસ્માતનો સિલસિલો યથાવત : ચ-૩ સર્કલ ભારે વાહનો માટે આજા ફસાજા સમાન : વાહન પલ્ટી મારવાના મામલે સર્કલ ડેન્જર ઝોનમાં : તોતિંગ સર્કલના લીધે ભારે વાહનો પલ્ટી મારી જતા હોવાની પણ ચર્ચા**

ગાંધીનગર તા ૧૮

શહેરના મુખ્ય ચ માર્ગ પર સ્થિત ચ-૩ નુ સર્કલ માર્ગ સલામતીની દ્રષ્ટીએ અત્યંત બનતા સર્કલ વિસ્તારની રોડ સેફટી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. આજે પણ વહેલી સવારે એક દિવેલ ભરેલા ટેન્કરે પલ્ટી મારતા મંડરાયો હતો. ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરને ઘટના અંગે જાણ થતા તેમણે તાત્કાલિક આ વિસ્તારમાં જે સી



જોખમી હોવાનુ અનેકવાર ધ્યાને આવ્યુ છે સર્કલ પર મોડી રાત્રે તેમજ વહેલી પરોઢે વારંવાર વાહનો પલ્ટી મારવાના બનાવો અકસ્માત સર્જાયો હતો. ચ-૩ સર્કલ વિસ્તારમાં માર્ગ પર દિવેલ રેલાતા પસાર થતા વાહનચાલકો પર માર્ગ અકસ્માતનો ખતરો બી કામે લગાડી માટી પથરાવી દીધી હતી. જયારે આ માર્ગ પર વાહનોની અવરજવર પણ સાંજ

● અનુસંધાન પાન-૭ પર

## આસપાસના શ્રમિકો કેરબા-તપેલીમાં દિવેલ ભરી ગયા



ચ-૩ વિસ્તારમાં દિવેલ ભરેલા ટેન્કરે પલ્ટી મારતા આજે સવારે માર્ગ પર દિવેલની નદી વહેતી થઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. એકબાજુ માર્ગ પર રેલાતા દિવેલના લીધે માર્ગ સલાતમી ન જોખમાય તે માટે તંત્ર માટી પાથરી પરિસ્થિતિને થાળે પાડવા માટે પ્રયાસરૂપ હતુ આ દરમિયાન આસપાસના વિસ્તારમાં રહેતા શ્રમિકો કેરબા તેમજ તપેલી સહીતના વાસણો લઈને માર્ગ પર ઢોળાયેલા દિવેલને ભરીને લઈ જતા નજરે પડયા હતા. સવારના સમયે ટ્રાફિકની અવરજવર ઓછી હતી તે વેળાએ જ ત્વરિત સ્થળ પર કામ શરૂ કરી દેવાયુ હતુ જયારે શ્રમિકો દિવેલ ભરતા ગયા હતા. અને બીજીતરફ તેના પર માટી પાથરવાનુ કામ પણ ચાલુ રહ્યુ હતુ.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા પહેલાં રાજકીય ઉત્તેજના

**ગાંધીનગર તાલુકાની ૩ બેઠકોના ૮ ગામોને અમદાવાદ કોર્પોરેશનની હદમાં ભેળવવા કે નહિ તે અંગે પ્રસ્તાવ લાવવામાં આવે તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મહત્વની સામાન્ય સભા બપોરે બે વાગે પંચાયતના સભાખંડ સરદાર હોલમાં મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકે જિલ્લાભરમાં રાજકીય ઉત્તેજના જગાવી છે. આ બેઠકમાં પ્રશ્નોત્તરી નથી અને આમ તો રૂટીન બેઠક લેખાવવામાં આવતી હતી પરંતુ છેલ્લા પખવાડિયામાં બનેલી રાજકીય ઘટનાઓને પગલે રાજકીય ઉત્તેજના જગાવી છે. ગાંધીનગર તાલુકાના ૮ ગામોને અમદાવાદ કોર્પોરેશનની હદમાં ભેળવવા અંગે વિકાસ કમિશનર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીનો અભિપ્રાય તેમજ ત્રણેય સીટની પંચાયતોમાં જોડાવવા અંગેનો પ્રસ્તાવ મોકલવા જણાવતાં આજની બેઠકમાં આ મુદ્દો આવશે. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ અમદાવાદ મનપાની સ્થાયી સમિતિએ પ્રસ્તાવ કર્યો ત્યારે જ વિરોધ કરી ચુક્યા છે અને તેમણે મુખ્યમંત્રીને આ અંગે પત્ર પણ લખ્યો હતો.

સામાન્ય સભાનો એજન્ડા બહાર પડી ગયો હોવાથી હવે આ મુદ્દો પ્રમુખસ્થાનેથી લેવાશે તેવા રાજકીય સંકેતો મળી રહ્યા છે. કોંગ્રેસના આગેવાનો આ અંગે વિરોધ કરી રહ્યા છે ત્યારે આજની સામાન્યસભામાં શુ નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

મળતી વિગતો પ્રમાણે આ ૮ ગામ જો અમદાવાદ કોર્પોરેશન સાથે ભેળવવામાં આવે તો જિલ્લા પંચાયતની ૩ બેઠકોના સીમાંકનને સીધી અસર થાય છે. બીજુ પંચાયતોની સામાન્ય ચૂંટણી પણ મનપાની સામાન્ય ચૂંટણી પછી તુરત જ યોજાવાની છે. આ ઉપરાંત વસ્તી ગણતરીની કામગીરી પણ પૂરજોશમાં હશે ત્યારે હવે શું થશે તેના પર સૌની નજર મંડાયેલી છે. બન્ને પક્ષોએ હજુ આ અંગે તેમની રણનીતિ તૈયાર કરી નથી પરંતુ પંચાયતમાં કોંગ્રેસના ૨૪ સભ્યો છે અને ભાજપના ૬ સભ્યો છે. સર્વાનુમતે વિરોધ થાય છે કે પક્ષની રણનીતિ મુજબ તે સસ્પેન્શન પરથી આજની સામાન્ય સભામાં પડદો ઉંચકાશે. આજની સામાન્ય સભામાં પંચાયતની વિવિધ સમિતિઓની મળેલી બેઠકોની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવામાં આવશે. આ બેઠકમાં સમિતિઓના ચેરમેનો બદલવાની વાત પર શું થાય છે તે મુદ્દાને લઈ પણ રાજકીય ઉત્તેજના ફેલાયેલી છે.

જિલ્લા પંચાયતની આજની રૂટીન ગણાતી બેઠકનું રાજકીય મહત્વ વધી જવા પામ્યુ છે. જો કે તંત્રએ પણ સામાન્ય સભાને લઈ પુરતી તૈયારીઓ કરી લીધી છે. આ બેઠકમાં આરોગ્ય કર્મયોગીઓની હડતાલનો મુદ્દો પણ ઉછળે તેવા સંકેતો મળી રહ્યા છે. આ ઉપરાંત શિક્ષણ અને વિકાસ કામોને લઈ પણ ચર્ચા થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

## જાણીતા સર્જક રતિલાલ બોરીસાગરને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

ગાંધીનગર, તા. ૧૮

નવી દિલ્હી ખાતેની સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતના જાણીતા પીઢ હાસ્ય લેખક રતિલાલ બોરીસાગરને તેમના પુસ્તક



"મોજમાં રહેવુ રે" માટે મુખ્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર માટે નિર્ણાયક ટીમમાં અનિલા દલાલ, હસુ યાજ્ઞિક તથા હર્ષદ ત્રિવેદી સામેલ હતા.

રતિલાલ બોરીસાગર ૮૧ વર્ષની વય ધરાવતા ગુજરાતના ખૂબ જ જાણીતા હાસ્ય લેખક છે. સાવરકુંડલા નિવાસી રતિલાલ બોરીસાગરે મરક મરક, આનંદ લોક, અર્વાચીન ગુજરાતી હાસ્ય રચનાઓના નામે હાસ્ય લેખો,

● અનુસંધાન પાન-૭ પર

## આરોગ્ય કર્મચારીઓની હડતાલની આરોગ્ય સેવાઓ પર અસર વર્તાઈ

**નાયબ મુખ્યમંત્રી દિલ્હીથી પરત ફરે તે પછી પુનઃ ચર્ચાનો દોર આગળ વધી શકે**

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના આરોગ્ય કર્મચારી મહાસંઘે આપેલ અચોક્કસ મુદતની હડતાલ આજે ત્રીજા દિવસમાં પ્રવેશશે. આ કર્મયોગીઓની હડતાલને પગલે જિલ્લાઓમાં આરોગ્ય સેવાઓ પર અસર પડી છે.આજે કર્મચારી મહાસંઘના આગેવાનોની બેઠક આરોગ્ય કમિશનરની વચ્ચે થઈ હતી. જેમાં લેખિત બાંહેધરી માંગવામાં આવતાં તેનો ઈન્કાર કરવામાં આવતાં મંત્રણાઓ તુટી પડી હતી.

આ કર્મચારી મહાસંઘની હડતાલને પગલે આજે મમતા દિવસની ઉજવણી, રસીકરણ અભિયાન સહિતની સેવાઓ ખોરવાઈ હતી. તેમજ નો રિપોર્ટીંગ એલાનને પગલે જિલ્લાઓની સેવાઓ અંગેનું કોઈ જ રિપોર્ટીંગ થતુ નથી તેથી તંત્રને પણ તેની અસર થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આ કર્મયોગીઓની હડતાલને કારણે શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમને પણ અસર થવા પામી છે. આ ઉપરાંત ઘણી બધી સેવાઓ ઠપ્પ થઈ જવા પામી છે.

બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નાયબ મુખ્યમંત્રી દિલ્હીથી પરત ફરે તે પછી પુનઃ ચર્ચાનો દોર આગળ વધી શકે છે.

## ૮ ગામના સરપંચોએ અમદાવાદ સાથે ભળવાનો ઈન્કાર કર્યો

**ખોરજમાં ૮ ગામના સરપંચોની બેઠક મળી : સરપંચો આજે જિલ્લા પંચાયતની બેઠક પૂર્વે જિલ્લાના સદસ્યોને પણ મળશે**

ગાંધીનગર તાલુકાના ૮ ગામોના સરપંચોની આજે ખોરજ ખાતે મળેલ બેઠકમાં અમદાવાદ કોર્પોરેશન સાથે ભળવાની બાબતમાં નનૈયો ભણવામાં આવ્યો હતો.

અમદાવાદ કોર્પોરેશનની સ્થાયી સમિતિએ ઝુંડાલ, કોટેશ્વર, ભાટ, નાના ચિલોડા, અમીયાપુર, ખોરજ, રણાસણ અને સુઘડ ગામને મનપાની હદમાં સમાવવામાં આવે તેવો નિર્ણય કર્યો હતો. આ પછી વિકાસ કમિશનરે આ અંગે લખેલા પત્રને લઈ જિલ્લામાં રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. આજે આ ૮ ગામના સરપંચોએ અમદાવાદ સ્થાયી સમિતિના પ્રસ્તાવનો વિરોધ કરી જણાવ્યુ હતુ કે જે વિસ્તારો અગાઉ ભળ્યા છે તેના વિકાસકામો થતા નથી અને અમારે વિકાસને અટકાવવો નથી. અમે સ્હેજ પણ આતુર જોડાવવા માટે નથી. પંચાયતોની કામગીરીથી સૌને સંતોષ છે. આ પછી ખોરજ ગામની ગ્રામસભા પણ મળી હતી અને તેમાં પણ ગ્રામજનોએ એકી અવાજે આ અંગે વિરોધનો સૂર રજુ કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ ૮ ગામના સરપંચોની બેઠકમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે જરૂર પડ્યે આ મુદ્દે કોર્ટના દ્વાર પણ ખટખટાવવામાં આવશે. સરપંચો જિલ્લા પંચાયતની બેઠક પહેલાં જિલ્લાના સદસ્યોને મળી પણ રજુઆત કરવા ગાંધીનગર પહોંચવાના હોવાની વિગતો જાણવા મળેલ છે.

## આયોજન મંડળના વિકાસ કામો જાન્યુઆરી સુધીમાં પૂરા કરવા કલેકટરની તાકિદ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આયોજન મંડળ દ્વારા ચાલી રહેલા વિકાસ કામોની સમીક્ષા માટે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ ખાસ બેઠક યોજી હતી.

ડૉ. આર્યએ આ સમીક્ષા બેઠકમાં વિકાસ કામો સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે માટે વિશેષ આગ્રહ કર્યો હતો. તેમણે આ બેઠકમાં હાલ પ્રગતિ હેઠળના ૧૩૫થી વધુ કામો જે છે તે ૧ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ થાય તે જોવા માટે આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## કલેકટર કચેરી પાછળના વિસ્તારમાં ગટરના દુષિત પાણીનો ભરાવો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના સેકટરો ગટરના દુષિત પાણીથી ત્રસ્ત છે. સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. રોજબરોજ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોથી સ્થાનિકો ત્રાહીમામ બન્યા છે. જિલ્લા કલેકટર કચેરી પાછળના વિસ્તારમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી ગટરો ઉભરાતા સ્થળ પર દુષિત પાણીનો ભરાવો થયો છે. અસહ્ય ગંદકીના લીધે રાહદારીઓ પણ તોબા પોકારી ગયા છે. ત્વરિત સમસ્યા દુર કરવા પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા રોજબરોજ ઉઠવા પામે છે. દાયકાઓ જુની ગટર વ્યવસ્થાનુ વર્ષોના અંતે પણ અપગ્રેડેશન થયુ નથી. સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટરલાઈનની ક્ષમતા વધારવા માટે તેમજ જુની લાઈનો બદલવા માટે પણ સ્માર્ટ સીટી અંતર્ગત કામ હાથ ધરવામાં આવશે. જયારે સેકટરોના રહેણાંક વિસ્તારમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાનો કકળાટ અનેકવાર ઉઠવા પામે છે. ગટરોનુ દુષિત પાણી ફરી વળતા રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તે છે. જયારે રહેણાંક વિસ્તારની સાથે નગરની સરકારી કચેરીઓ આસપાસ પણ ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાનુ પણ અનેકવાર ધ્યાને આવે છે.ગાંધીનગર કલેકટર કચેરીની પાછળના વિસ્તારમાં જાહેર માર્ગ પાસે ગટરનુ દુષિત પાણી ભરાતા અસહ્ય ગંદકી જોવા મળી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પણ અડીને જ આવેલી છે. આ વિસ્તારમાં પણ ગટરોના દુષિત



પાણીનો ભરાવો થતા રાહદારીઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા ત્વરિત આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ પણ આ પ્રશ્નનો ત્વરિત ઉકેલ લાવવા રજુઆત કરી છે.

# આજે પંચદેવ મંદિરે સમરસતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે

**જિલ્લામાં સમરસતા યાત્રાનું ભવ્ય આયોજન : યાત્રાનું આજે સવારે ૧૦.૩૦ કલાકે પંચદેવ મંદિર, ગાંધીનગરમાં આગમન : વિવિધ સ્થાનો ઉપર ભવ્ય સ્વાગત કરાશે**

ગાંધીનગર, તા. ૧૮

હિન્દુ સમાજની તમામ જ્ઞાતિઓ વચ્ચે સમરસતા જળવાઈ રહે તે હેતુથી સામાજિક સમરસતા મંચ દ્વારા ગાંધીનગર જિલ્લામાં સામાજિક સમરસતા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા જિલ્લાના અંદાજે ૧૦૦ જેટલા સ્થાનો-ગામોમાં ભ્રમણ કરશે. ગત તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ કલોલના છત્રાલ ખાતેથી શરૂ થયેલી આ યાત્રાને કલોલ અને માણસાના અંદાજે ૪૦ જેટલા ગામોમાં તમામ જ્ઞાતિના લોકોનો ભવ્ય પ્રતિસાદ સાંપડયો છે. વિવિધ જ્ઞાતિના લોકો તેમજ સંતો-મહંતો દ્વારા ઠેરઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

આ સમરસતા યાત્રા આજે તા.૧૯ ડિસેમ્બર ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે રાંધેજાથી નીકળી પેથાપુર આવશે. ત્યારબાદ ત્યાંથી સવારે ૧૦.૩૦ કલાકે પંચદેવ મંદિર પહોંચશે. જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ આ યાત્રા ચ-૫ ફુવારા થઈ ઈન્દીરાનગર, સેક્ટર-૨૪ થઈને ભારતમાતા મંદિર સેક્ટર-૭ ખાતે પહોંચશે. વિશ્રાંતિ બાદ આ યાત્રા મહાકાળી મંદિર, વાવોલ, સાઈબાબા મંદિર સેક્ટર-૩ થઈને સાંજે ૫:૩૦ કલાકે સરદાર ચોક, કુડાસણ પહોંચશે. આ યાત્રા ત્યાંથી નીકળીને લવારપુર ખાતે રાત્રી રોકાણ કરશે જ્યાં સમરસતા સંબંધિત વિવિધ વિષયો પર કાર્યક્રમ યોજાશે. તારીખ ૨૦ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન આ યાત્રા દહેગામ તાલુકાના તેમજ તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ દસ્ક્રોઈના વિવિધ ૪૦ જેટલા સ્થાનો-ગામમાં ભ્રમણ કરશે. જયારે તા. ૨૪ ડિસેમ્બરના રોજ સાંજે સ્વામિનારાયણ મંદિર જેતલપુર ખાતે આ યાત્રાની પૂર્ણાહુતી કરવામાં આવશે.

સમાજના બધા જ હિન્દુઓ ભાઈ-ભાઈ છે, કોઈ હિન્દુ પતિત નથી, પ્રત્યેક હિન્દુઓની રક્ષા કરવી મારી ફરજ છે, સમાનતા મારો મંત્ર છે, તેવા ભાવને સાકાર કરવાના લક્ષ્ય સાથે આરંભાયેલી આ સામાજિક સમરસતા યાત્રામાં જોડાવા આમ જનતાને સામાજિક સમરસતા મંચ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.


**ગાંધીનગર માટે**
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
**ફક્ત ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **ભુપતરાય ટોકરશીભાઈ પારેખ (હિન્દુસ્તાન સમાચાર ન્યુઝ એજન્સી-બ્યુરો ચીફ)** તારીખ ૧૮.૧૨.૨૦૧૯ના રોજ અરિહંત શરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું-ઉઠમણું અને પ્રાર્થના સભા તારીખ ૨૦.૧૨.૨૦૧૯ શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : માણેક બાગ હોલ, નહેરૂ નગર પાસે, આંબાવાડી.**

લિ.
ડૉ. ભાવેશ ભુપતરાય પારેખ (પુત્ર) — ડૉ. ઉર્વિ ભાવેશ પારેખ (પુત્ર વધુ)
બિના રાકેશ કામદાર (પુત્રી) — રાકેશ સી. કામદાર (જમાઈ)
ગિરા કલ્પેશ કામદાર (પુત્રી) — કલ્પેશ જે. કામદાર (જમાઈ)
સ્વ. ચમનલાલ ટી. પારેખ (ભાઈ) — અનસૂયાબેન ચંદ્રકાંત મહેતા (બેન)
ઋષિલ, રાહુલ, મિલિન્દ, મૌસમ

**બેસણું**



અમારા ભાઈ/પિતાશ્રી સ્વ.બચુભાઈ મણિલાલ નાઈ ગામ ઉનાવા હાલ ગાંધીનગર નિવાસીનું આજ તા.૧૮/૧૨/૧૯ બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૦/૧૨/૧૯ શુક્રવારના સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
સ્થળ -લીંબચમતા મંદિર, સેક્ટર -૧૩, ગાંધીનગર
લિ.પ્રવીણભાઈ મણિલાલ નાઈ - ભાઈ
મંદાકિનીબેન મુકેશકુમાર લીમ્બાચીયા -પુત્રી
પારૂલબેન કમલેશકુમાર લીમ્બાચીયા - પુત્રી
આશાબેન પ્રકાશકુમાર લીમ્બાચીયા - પુત્રી
દક્ષાબેન ધર્મેન્દ્રસિંહ કુંપાવત - પુત્રી
ભાર્ગવીબેન અશોકકુમાર વૈદ
માં લીમ્બચ ગ્રુપ સુરત


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા **ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com